# ખેડબ્રહ્મા શહેરમાં પાણીની વિકટ સમસ્યા

## ધરોઈ જળાશય આધારીત કરોડો રૂપિયાના ખર્ચવાળી પાણી પુરવઠા યોજના-૨ શોભાના ગાંઠીયા સમાન

ખેડબ્રહ્મા, તા. ૨૫

ખેડબ્રહ્મા શહેરમાં પીવાના પાણીની મુશ્કેલી સર્જાતા લોકો ત્રાહીમામ પોકારી ગયા છે. શહેરના ઉંચાણવાળા વિસ્તારમાં પાણી પહોંચતુ ન હોવાની બુમ ઉઠવા પામી છે. ધરોઈ જળાશય આધારીત પાણી પુરવઠા યોજના-૨ સત્વરે શરૂ કરી લોકોની પાણઈની સમસ્યા હલ કરવા વિરોધપક્ષના સદસ્યોએ લેખિતમાં રજુઆત કરી છે.

ખેડબ્રહ્મા શહેરમાં ઉનાળાના પાછળના દિવસોમાં કુવાના તળ ઉંડા જતાં પીવાના પાણીની સમસ્યા વિકટ બની છે. ખેડબ્રહ્મા નગર પાલિકામાં વિરોધપક્ષના સદસ્યો પ્રવિણસિંહ સોલંકી, અમીતકુમાર શર્મા, ગોપાલભાઈ રાવલ, સાગરભાઈ પટેલ તથા ગુદડજી પ્રજાપતિ સહિત અન્ય સદસ્યોએ લોકોને પીવાનું પાણી પુરતુ મળે તે માટે ધરોઈ જળાશય આધારીત પાણી પુરવઠા યોજના દ્વારા પાણી આપી લોકોની પાણીની સમસ્યા હલ કરવા લેખિતમાં રજુઆત કરી છે. ખેડબ્રહ્મા શહેરના સાતાજીકંપા, ચીખલી, ઉન્ડવા, ભક્તિનગર, પ્રજાપતિ સોસાયટી, ભાટવાસ, ઈન્દિરાનગર, પંચશીલ વસાહત, હાકરડાવાસ, હરીજનવાસ તથા વાલ્મિકીવાસમાં પાણીની ગંભીર સમસ્યા છે. પાણી પુરવઠા યોજના-૨ની પાઈપલાઈન પાણીની ટાંકી તથા સમ્પ શોભાના ગાંઠીયા સમાન છે. વળી પાલિકા દ્વારા બનાવવામાં આવેલ ફીલ્ટરેશન પ્લાન્ટ પણ શરૂ કરવામાં આવ્યો નથી.

ખેડબ્રહ્મા શહેરની પીવાના પાણીની સમસ્યા સત્વરે હલ કરવા વિરોધપક્ષના સદસ્યોએ લેખિતમાં પાલિકાના પ્રમુખ અને ચીફ ઓફીસરને રજુઆત કરી છે.

આ અંગેખેડબ્રહ્મા નગરપાલિકાના પાણી પુરવઠા સમિતિના ચેરમેન વલ્લભભાઈ આર. પટેલેજણાવ્યુંહતુંકે પાણી માટે વૈકલ્પિક વ્યવસ્થાની કામગીરી ચાલુ છે જે બે દિવસમાં પૂર્ણ થતાં શહેરની પાણીનીસમસ્યા હલ થશે. જ્યાં પાણી ટેન્કરથી પહોંચાડવુ પડશે ત્યાં સર્વે કરી પાણીના ટેન્કરથઈ પાણી પુરૂ પાડવામાં આવશે.

# દારૂ છોડવાની બાધા લેવા જતાં ૫૦ દારૂડીયા રાજાપાઠમાં ઝડપાયા

## ભોજન લીધા બાદ હોટલ માલિક સાથે ઝઘડો કર્યો

ડીસા, તા. ૨૫

પાટણ જિલ્લાના સાંતલપુર પોલીસે લકઝરી બસના ૫૦ પ્રવાસીઓને નશાયુક્ત હાલતમાં હાઈવે પરની એક હોટલ ઉપરથી ઝડપી લેતા ચકચાર મચી જવા પામી છે. કચ્છ-ભુજ જિલ્લાના ભચાઉ તાલુકાના ખરેડી ગામની જુદી જુદી કોમની કેટલીક વ્યક્તિઓ દારુ છોડવાની બાધા લેવા લકઝરી બસ દ્વારા હિમાચલ પ્રદશે તરફ જઈ રહી હતી ત્યારે સાંતલપુર પોલીસે આશરે ૫૦ જેટલા શખ્સોને નશાયુક્ત હાલતમાં ઝડપી લઈ કાયદેસરની કાર્યવાહી હાથ ધરી હતી.

ગુજરાતમાં દારૂબંધીના લીરા ઉડાડતી અને કંઈક રમુજ પામાડે તેવી ઘટનાની પ્રાપ્ત વિગતો મુજબ કચ્છ-ભુજ જિલ્લાના ભચાઉ તાલુકાના ખરેડી ગામમાં રહેતી અને દારૂ પીવાની આદત ધરાવતી આશરે ૫૦ જેટલી વ્યક્તિઓ પોતાની આ દારુ પીવાની બુરી લત છોડવા માટે બાધા લેવા માટે હિમાચલ પ્રદેશના કોઈક ધાર્મિક સ્થાને જવા માટે લકઝરી બસ દ્વારા ભચાઉથી નીકળ્યા હતા આ તમામ શખ્સોએ દારૂ છોડવાની બાધા લેતા પહેલા નીકળતી વખતે દારૂ પીને ચિક્કાર નશો કર્યો હતો. આ લકઝરી બસ પાટણ જિલ્લાના સાંતલપુર પાસે હાઈવે પર ગરામડી પાસે એક હોટલ પર ઉભી રહી હતી અને આ પ્રવાસીઓ ભોજન લઈ રહ્યા હતા તે સમયે કોઈ કારણસર હોટલ માલિક સાથે તકરાર થતાં તેણે સાંતલપુર પોલીસને જાણ કરતાં પીએસઆઈ એ.બી. પટેલ સ્ટાફ સાથે આવી પહોંચ્યા હતા અને આ ૫૦ જેટલા પ્રવાસીઓને નશાયુક્ત હાલતમાં ઝડપી લઈ સાંતલપુર પોલીસ મથકમાં લાવ્યા હતા. રાતવાસો પોલીસ લોકઅપમાં કરાવી બીજા દિવસે આ તમામ સામે કાયદેસરની કાર્યવાહી કરી જામીન પર મુક્ત કર્યા હતા.

### ચામઠણ ગામે નદીના પટ પર સગીરા સાથે દુષ્કર્મ કરનાર નરાધમ સામે ફરિયાદ

હિંમતનગર, તા. ૨૪

વિજયનગર તાલુકાના ચામઠણ ગામે નદીમાં ગામના જ ઈસમ દ્વારા બળજબરીપૂર્વક એક સગીરા સાથે દુષ્કર્મ કરવાનો પ્રયાસ કરતા આ મામલે વિજયનગર પોલીસ મથકમાં ફરિયાદ નોંધાઈ હતી.

સાબરકાંઠાના વિજયનગર તાલુકાના ચામઠણ ગામે નદીના પટમાં સાંજના સુમારે એક ૧૪ વર્ષીય સગીરાને સુરેશ ઉર્ફે લાલો કમજીભાઈ ડામોર (રહે. ચામઠણ ગામ)એ બળજબરીપૂર્વક નદીના પટમાં ખેચીને લઈ જઈ મરજી વિરૂદ્ધ દુષ્કર્મ કર્યુ હોવાની સગીરાના પિતાની ફરિયાદના આધારે વિજયનગર પોલીસે ગુનો નોંધી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

# પ્રાંતિજના ઐતિહાસિક રેલવે સ્ટેશનને એકાએક બંધ કરાતા સ્થાનિકોમાં ઉગ્ર આક્રોશ

## રેલવે સ્ટેશન બચાવો સમિતિ આક્રમક લડત આપવાના મૂડમાં



પ્રાંતિજ,તા. ૨૫

પ્રાંતિજ તાલુકામાં આવેલ ઐતિહાસિક ૧૧૮ વર્ષ જૂનું એ.પી. રેલવે સ્ટેશન રેલવે સત્તાવાળાઓએ એકાએક 'બી' ક્લાસમાંથી 'ડી' ક્લાસમાં ફેરવી નાખવાના નિર્ણય સામે પ્રાંતિજ નગરજનોમાં જબરજસ્ત વિરોધનો વંટોળ ઉઠવા પામ્યો છે. અને આજે રેલવે સ્ટેશન બચાવો સમિતિના નેજા હેઠળ અમદાવાદથી ખેડબ્રહ્મા જતી ટ્રેનને રોકીને ઉગ્ર વિરોધના શ્રી ગણેશ કરવામાં આવ્યા હતા.

પ્રાપ્ત માહિતી અનુસાર પ્રાંતિજના ઐતિહાસિક રેલવે સ્ટેશનને બી ક્લાસની કેટેગરી ધરાવતું હતું. તેમજ રેલવે ક્રોસિંગની સુવિધાઓ હોવાના આવતી જતી તમામ ટ્રેનો પ્રાંતિજ ઉભી રહેતી હોવાના કારણે ખેતી વિષય વેપાર, શાકભાજી વેપાર, ધંધા રોજગાર, પુરા પંથકમાં રેલવેના લીધે ધંધા રોજગાર ધમધમતા હતા. પરંતુ વેસ્ટર્ન રેલવે ડીવીજન મારફતે તાજેતરમાં જ કરકસરનું પગલું ને ઓછી આવકનું બહાનુ આગળ ધરી વર્ષોથી ધમધમતુ આ રેલવે સ્ટેશન બંધ કરવાની નોબતમાં લાવતા જ તમામ સેવાઓ પરત ખેંચાઈ જતા પ્રાંતિજ પંથકનો વેપારી વર્ગ અને આમ જનતા સમસમી ઉઠી છે. અને કોઈપણ ભોગે રેલવે સ્ટેશનને પુનઃ બી કેટેગરીમાં લાવવા ચાલુ રાખવા માટે જલદ કાર્યક્રમોનું આયોજન કર્યું છે અને આગામી ૫મી જૂન સુધી વિવિધ જલદ કાર્યક્રમો આપવામાં આવશે.

# ઉમેદપુરા ગામે કુવામાંથી એક યુવાનનો મૃતદેહ મળતા ચકચાર

ઈડર, તા.૨૫

ઈડર તાલુકાના ઉમેદપુરા ગામની સીમમાં આવેલા એક કુવામાંથી શુક્રવારના રોજ એક યુવાનનો મૃતદેહ મળી આવ્યો હતો. આ ઘટનાની જાણ આસપાસના વિસ્તારમાં આગની જેમ ફેલાઈ હતી. આ ઘટનાની જાણ સરપંચ દ્વારા ઈડર પોલીસ સ્ટેશનમાં કરવામાં આવી હતી. પોલીસે ઘટના સ્થળે આવીને આગળની કાર્યવાહી હાથ ધરી હતી.

પ્રાપ્ત થયેલ વિગતો અનુસાર શુક્રવારના રોજ ઉમેદપુરા ગામના ભીખાભાઈ માધાભાઈ પટેલના ખેતરમાં ૧૦૦ ફૂટ ઉંડો કુવો આવેલ છે. ભીખાભાઈ અને રમેશભાઈ પટેલના ઘરમાં લગ્નપ્રસંગ હોવાથી તેઓ શુક્રવારના રોજ મજુરોને પૈસા આપવા જતા હતા ત્યારે તેમની નજર કુવામાં પડેલ મૃતદેહ પર પડી. ત્યારબાદ તરત જ તેઓએ ગામના સરપંચને જાણ કરી હતી. આ ઘટનાની જાણ પોલીસને થતા પોલીસ ઘટના સ્થળે આવી પહોંચી હતી. પોલીસ અને ગામના લોકોએ ભેગા મળીન મૃતદેહને બહાર કાઢયો હતો. ઓળખવિધિ હાથ ધરાતા આ મૃતદેહ ગામમાં જ મજુરી કામ કરતા રામાભાઈ કાળાભાઈ ભવર ઉ.વ.૩૦ રહે વરલી, કોટડા છાવણી, રાજસ્થાનની માલુમ પડયું. આ યુવાન કોઈને કહ્યા વગર નીકળી ગયો હતો. ત્યાર બાદ તેનો કોઈ જ પત્તો મળ્યો ન હતો. ઈડર પોલીસે પંચનામું કરી મૃતદેહને ઈડર સિવિલમાં મોકલી આપ્યો હતો.

# મહેસાણામાં અંદાજે બે કરોડની કિંમતના દારૂના જથ્થાનો નાશ કરાયો

## જિલ્લાના પોલીસ મથકમાંથી ચાર વર્ષ દરમિયાન પકડાયેલ દારૂ

મહેસાણા, તા. ૨૫

મહેસાણા જિલ્લાના છ પોલીસમથકોમાં છેલ્લા ચાર વર્ષ દરમિયાન પકડાયેલી અંદાજે બે કરોડની કિંમતની મત્તાના દારૂના જથ્થાનો મહેસાણા તાલુકાના મોટીદાઉ ગામની સીમમાં રોડરોલર વડે નાશ કરવામાં આવ્યો છે.

મહેસાણા જિલ્લાના મહેસાણા શહેરના એ અને બી ડીવીઝન મહેસાણા તાલુકા, ઊંઝા, લાંઘણજ તથા સાંથલ પોલીસ સ્ટેશનોમાં છેલ્લા ચાર વર્ષ દરમિયાન અંદાજે બે કરોડ રૂપિયાની કિંમતની મત્તાની દારૂ અને બિરની ૮૦ હજાર ઉપરાંતની દારૂની બાટલીઓનો જથ્થો કબજે કરવામાં આવ્યો હતો. જે જથ્થાનો તા. ૨૪મી મે ના રોજ મહેસાણાના સબડીવીઝનલ મેજીસ્ટ્રેટ, ડી.વાય.એસ.પી. પોલીસ અધિકારીઓ અને કર્મચારીઓ તેમજ નશાબંધી અને આબકારી વિભાગના સ્ટાફની હાજરીમાં મહેસાણા તાલુકાના મોટીદાઉ ગામની સીમમાં આવેલ એક જગ્યાએ રોડ રોલર, જેસીબી મસીન જેવા સાધનોની મદદથી દારૂના જથ્થાનો નાશ કરવામાં આવ્યો હતો.

લોકમુખે ચર્ચાતી વાતો મુજબ મહેસાણા જિલ્લાના છ પોલીસ મથકોમાં પકડાયેલ પરપ્રાંતની બનાવટનો દારૂનો જથ્થો તેમજ બિયરના ટીનના જથ્થાનો નાશ કરવા માટે આ જથ્થો વાહનો મારફતે નિયત સ્થળે ઉતારવામાં આવી રહ્યો હતો ત્યારે શરાબના શોખીન એવા કેટલાક ઈસમો તેમજ દારૂનો જથ્થો ઉતારવામાં આવેલા વાહનો પૈકી કેટલાક વાહનચાલકો દારૂની બાટલીઓ, પેટીઓ ચોરી છૂપીથી લઈ ગયા હતા. દરમિયાન હાજર પોલીસને આ બાબતની જાણ થતાં એક-બે વાહનોની તલાશી લઈને દારૂની પેટીઓ કબજે કરી હતી તેવું ચર્ચાય છે.

# મસાલ ગામમાં તસ્કર ટોળકી ત્રાટકી

## રૂ. બે લાખની પાઈપોની ચોરી કરી પલાયન

ઈડર, તા. ૨૫

સાબરકાંઠા જિલ્લાના ઈડર તાલુકાના મસાલ ગામની સીમમાં ચોરો દ્વારા ખેતરમાં ખુલ્લામાં પડેલી ડીપ ઈરીગેશનની પાઈપો ચોરી ગયા હતા. આ ઘટનાની આસપાસના વિસ્તારમાં ચકચાર મચી જવા પામી હતી. આ ઘટનાની ફરિયાદ ઈડર પોલીસ સ્ટેશનના નોંધાઈ હતી.

મસાલ ગામમાં રહેતા રઘુવીરસિંહ બેચરસિંહ રમલાવતના ખેતરમાં મુકવામાં આવેલ ડીપઈરીગેશનની પાઈપો (ઈમીટીંગ પાઈપ) ૧૬ એમ.એમ. ૪૭૨૨૫ મીટર લાંબી તથા શ્રીતાકુમારી રઘુવીરસિંહના ખેતરમાં મુકવામાં આવેલ ૩૧૨૦૦ મીટર લાંબી ઈરીગેશનની પાઈપોની ચોરોએ ચોરી કરી હતી. કુલ લંબાઈ ૭૮૪૨૫ મીટર જેની આશરે કિંમત રૂપિયામાં બે લાખની મત્તાની ચોરી કરેલી હતી. રઘુવિરસિંહની ફરિયાદના આધારે ઈડર પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધી આગળ કાયદેસરની કાર્યવાહી હાથ ધરવામાં આવી હતી.

# સંખારી ગામે દુષિત પાણીને લીધે ૨૫ને ઝાડા-ઊલટી

## અસરગ્રસ્તોને પાટણ હોસ્પિટલમાં સારવાર અર્થે ખસેડાયા

ડીસા, તા. ૨૫

પાટણ જિલ્લાના સંખારી ગામે દુષિત પાણી પીવાથી ૧૫ બાળકો સહિત ૨૫ને ઝાડા-ઊલટી થતાં સારવાર અર્થે પાટણ ખાતે હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યા હતા. ગ્રામ પંચાયત દ્વારા અપાતા પાણીની પાઈપ લાઈનમાં ગટરનું દુષિત પાણીભળતા આ બીમારી ફેલાઈ હોવાનું જાણવા મળે છે. આ ઘટનાના પગલે આરોગ્ય ખાતાની ટીમો સંખારી ગામે દોડી ગઈ હતી. વારંવારની રજુઆતો કરવા છતાં પણ તંત્ર દ્વારા આ પાઈપ લાઈન સંદભે બેદરકારી દાખવવામાં આવી હતી.

જિલ્લાના મુખ્ય મથક પાટણથી ૧૦ કિ.મીના અંતરે આવેલા ૩ હજારની વસ્તી ધરાવતા સંખારી ગામમાં દુષિત પાણી પીવાથી ૧૫ બાળકો સહિત આશરે ૨૫ વ્યક્તિઓ બિમારીમાં સપડાઈ હતી. ગ્રામ પંચાયત દ્વારા પૂરું પાડવામાં આવી રહેલા પીવાના પાણીની પાઈપ લાઈનમાં ગટરનું પાણી ભળતા ગામના રોહિતવાસ વિસ્તારના કેટલક પરિવારો આ દુષિત પાણી પીવાથી બીમાર પડયા હતા નાના કુમળા બાળકોમાં વધારે અસર થતાં તેમને ઝાડા ઉલટી થવા લાગતા તાત્કાલિક સારવાર માટે નજીકની પાટણની સિવિલ હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યા હતા. જ્યારે અન્ય ગ્રામજનોએ પાટણ શહેરની વિવિધ હોસપિટલોમાં સારવાર લીધી હતી આ ઘટનાને પગલે આરોગ્ય ખાતાની ટીમો સંખારી ગામે દોડી ગઈ હતી.

# હૈદરાબાદ-દિલ્હી વચ્ચે ૧૨મી એપ્રિલે રમાયેલી મેચ ફિક્સ હતી

## બુકીની પૂછપરછમાં થયો ખુલાસો : તમામ બુકીઓ ભૂર્ગભમાં

અમદાવાદ, તા. ૨૫

અમદાવાદથી ધરપકડ કરાયેલા બુકી વિનોદ મુલચંદાનીની પ્રાથમિક પૂછપરછમાં અનેક રહસ્યો ખુલ્વા પામ્યા છે. પોલીસે કેટલીક પ્રાથમિક પૂછપરછમાં તા. ૧૨મી એપ્રિલના રોજ રમાયેલી હૈદરાબાદ-દિલ્હી વચ્ચેની મેચ ફીક્સ થઈ હોવાનું જાણવા મળ્યું હતું.

બુકી વિનોના મોબાઈલમાં એક મેસેજ આવ્યો હતો કે હૈદરાબાદ મેચ જીતી જશે આ મેસેજ જે નંબર પરથી આવ્યોહતો તે નંબરની શોધખોળ શરૂ કરી છે. આ નંબર મુંબઈનો હોવાનું પ્રાથમિક ધોરણે જાણવા ળયું હતું. બુકી વિનોદના તાર ડીસા, ભાવનગર, અમરેલી સુધી જોડાયેલા છે. ગત તા. ૧૨મી એપ્રિલનાં રોજ હૈદરાબાદ તેમજ દિલ્હી વચ્ચે મેચ રમાઈ હતી અને આ મેચનો મેસેજ વિનોદ પાસે આવ્યો હતો કે દૈરાબાદ મેચ જીતી જશે અને આ મેચ હૈદરાબાદ ત્રણ વિકેટે જીતી ગઈ હતી. હવે ક્રાઈમ બ્રાંચે આ દિશામાં પણ તપાસ શરૂ કરી દીધી છે.

ક્રાઈમ બ્રાંચે હવે સ્પોટ ફિક્સિંગમાં પણ વિનોદનાં તાર જોડાયેલા છે કે કેમ તે દિશામાં તપાસ શરૂ કરી છે. બુકી વિનોદ ઝડપાતાં અમદાવાદ, રાજકોટ, ભાવનગર સહિતનાં તમામ બુકીઓ હાલ ભૂર્ગભમાં ઉતરી ગયા છે. વિનોદના આ સટ્ટાના તાર મોટા માથાઓ સાથે પણ જોડાયેલા હોય તેવું ક્રાઈમ બ્રાંચને લાગી રહયું છે. પોલીસે જણાવ્યું છે કે વિનોદની પૂછપરછમાં વધુ અનેક રહસ્યો ખૂલી શકે છે. એક તરફ આઈપીએલ સપોટ ફિક્સિંગ કાંડમાં અનેક રહસ્યો ખૂલ્યા છે તેમજ ધરપકડો કરાઈ છે. ત્યારે ગુજરાતના ૭ બુકીઓની પણ દિલ્હી પોલીસે ધરપકડ કરી છે. સ્પોટ ફિક્સિંગમાં ગુજરાતનું કનેકશન ખૂલ્યા બાદ આજે ફરી એક બુકીની ધરપકડ કરાતાં એક મેચ ફિક્સ થયાની વાત બહાર આવતા અનેક રહસ્યો ખૂલી શકે તેમ છે. ક્રાઈમ બ્રાંચે હાલ આ દિશામાં વધુ તપાસ હાથ ધરી છે.

### પ્રગતિશીલ ખેડૂતોનું ઈ-ટેકનોલોજીથી અભિવાદન કરાશે : મોદી

ગાંધીનગર, તા. ૨૫

મુખ્યમંત્રીએ આજના કૃષઈ મહોત્સવમાંવિશાળ સંખ્યામાંઉપસ્થિત ધરતીપુત્રોને સંબોધતા કહ્યું કે, પોતાના મોબાઈલ પરથી ધરતીપુત્રો જોઓપરેટિવ સિસ્ટમથી એન્ડ્રોઈડ બેઈઝડ એલીકેશન ડાઉનલોડ કરશેતો તેમાંતેમને કૃષિ વિષયક જાણકારી તો મળશે જ પરંતુ જો કોઈ ધરતીપુત્રે પોતે વૈજ્ઞાનિક કૃષિ અંગે કોઈ વિશેષ ક્ષેત્રે કઈ વિશેષ કામગીરી કરેલ હશે અને તે પોતાના મોબાઈલના માધ્યમથી જણાવશે, તો તેનો ત્વરિત પ્રતિભાવ તો મળશે જ. સાથે ખેડૂતોના પોતાના મોબાઈલ પર જ તે ધરતીપુત્રને બિરદાવતો મોબાઈલ મેસેજ પણ મુખ્યમંત્રી તરફથી મળશે.

ગાંધીનગરવાસીઓવા અતૂટ વિશ્વાસ અને સહકારથી આપની સેવામાં સરકાર માન્ય
મોર્ડન મોટર્સ
પ્લોટ નં. ૪૦૩, જી.આઈ.ડી.સી., કામા મોટર્સની બાજુમાં, સેક્ટર-૨૮, ગાંધીનગર
ફોન : ૨૩૨૧૧૪૮૫ ● મો. : ૯૮૨૫૨૬૨૨૯૧
સુવિધાઓ
● વ્હીલ એલાઈનમેન્ટ ● બેલેન્સીંગ (કોમ્પ્યુટરાઈઝ્ડ)
● સરકાર માન્યતા પ્રાપ્ત ● અદ્યતન વર્કશોપ, બોડીકામ,
● વાહનોનું રીપેરીંગ કામશ્ર મોટો ઈલેક્ટ્રીક કામ
● જેન્યુન પાર્ટસ ● સર્વિસીંગ ● ઓઈલ ચેઈન્જ
EXIDE બેટરીના ઓથોરાઈઝ્ડ ડીલર
કેસ્ટ્રોલ ઓઈલના ઓથોરાઈઝ્ડ ડીલર
પેટ્રોલ વાહનનું પી.યુ.સી. સ્ટેશન

આપના શહેરમાં ૧૦૦૦ સ્કે. ફીટનો એ.સી. શો-રૂમ જેમાં છે...
સિરામિક વોલ ટાઈલ્સ ● વીટ્રીફાઈડ ટાઈલ્સ ● સિરામિક ફ્લોર ટાઈલ્સ ● એક્વાઆર્ટ ● વોલ ક્લેડીંગ ● માર્બલ સ્ટોન અને ક્વાર્ટઝ્ તેમજ વિવિધ પેટર્ન્સ અને કોમ્બીનેશન્સની વિશાળ શ્રેણી
એક્સક્લુસિવ શો-રૂમ
AGL TILES WORLD Radhe ENTERPRISE
પહેલે માળ, ૧૦૧, ૧૦૨, ૧૦૩, જય યોગેશ્વર કોમ્પલેક્સ, સિટી પલ્સ સિનેમા પાસે, કુડાસણ બસ સ્ટોપની સામે, ગાંધીનગર - કોબા હાઈવે, ગાંધીનગર
મોબાઈલ : ૯૪૨૬૫ ૧૩૬૦૧

# ઉત્તર ગુજરાતના બજાર ભાવો

| વિજાપુર | | |
|---|---|---|
| રાયડો | ૫૯૨ | - |
| એરંડા | ૬૫૦ | ૬૭૯ |
| કપાસ | ૮૫૦ | - |
| બાજરી | ૨૬૦ | ૨૮૫ |
| ઘઉ | ૩૦૦ | ૩૯૭ |
| ગવાર | ૧૪૦૦ | ૧૭૫૯ |
| જુવાર | ૩૨૦ | ૩૯૩ |
| વરીયાળી | ૯૬૫ | ૧૫૨૨ |
| જવ | ૨૭૫ | - |

| કૂકરવાડા | | |
|---|---|---|
| એરંડા | ૬૪૫ | ૬૫૯ |
| ગવાર | ૧૭૦૦ | ૧૭૩૩ |
| ઘઉં | ૨૯૦ | ૩૪૦ |
| રાયડો | ૬૦૮ | ૬૧૨ |
| બાજરી | ૨૮૭ | ૩૦૮ |
| જુવાર | ૩૫૧ | ૩૯૭ |
| મેથી | ૫૮૦ | ૬૧૦ |

| તલોદ | | |
|---|---|---|
| એરંડા | ૬૪૩ | ૬૫૮ |
| ઘઉં | ૨૮૦ | ૪૦૧ |
| ગવાર | ૧૫૨૧ | ૧૭૬૧ |
| બાજરી | ૨૪૯ | ૨૯૫ |
| મકાઈ | ૨૪૦ | ૨૫૭ |
| મગફળી | ૯૦૦ | ૯૧૫ |

| ખેડબ્રહ્મા | | |
|---|---|---|
| ઘઉંલોકવન | ૩૦૭ | ૩૧૫ |
| ઘઉં૪૯૬ | ૩૧૦ | ૩૪૦ |
| મકાઈ | ૨૩૫ | ૨૪૦ |
| એરંડા | ૬૩૦ | ૬૪૭ |
| મગ | ૧૦૨૫ | ૧૦૩૮ |

| દહેગામ | | |
|---|---|---|
| બાજરી | ૨૭૦ | ૨૮૬ |
| ઘઉં | ૩૨૭ | ૩૪૨ |
| ડાંગર | ૨૮૫ | ૨૯૫ |
| એરંડા | ૬૪૫ | ૬૫૨ |
| ગવાર | ૧૬૦૦ | ૧૭૫૦ |
| મકાઈ | ૨૪૦ | ૩૦૦ |
| તુવેર | ૫૨૫ | ૬૩૫ |
| જુવાર | ૩૦૦ | ૩૪૨ |

| રખિયાલ | | |
|---|---|---|
| બાજરી | ૨૬૮ | ૨૮૫ |
| ઘઉં | ૩૨૫ | ૩૪૦ |
| ડાંગર | ૨૮૦ | ૨૯૦ |
| એરંડા | ૬૪૦ | ૬૫૦ |
| ગવાર | ૧૫૫૦ | ૧૭૦૦ |
| મકાઈ | ૨૩૦ | ૨૮૦ |
| તુવેર | ૫૨૦ | ૫૬૧ |
| જુવાર | ૨૮૦ | ૩૨૦ |

| હિંમતનગર | | |
|---|---|---|
| એરંડા | ૬૫૪ | ૬૬૩ |
| ઘઉ | ૩૦૫ | ૪૪૭ |

| | | |
|---|---|---|
| બાજરી | ૨૭૦ | ૨૮૧ |
| મકાઈ | ૨૫૦ | ૨૫૫ |
| ગવાર | ૧૭૫૦ | ૧૮૩૧ |
| મગ | ૯૦૦ | ૯૫૦ |

| સિદ્ધપુર | | |
|---|---|---|
| જીરૂ | ૧૭૦૦ | ૨૪૦૦ |
| રાયડો | ૫૯૬ | ૬૬૫ |
| વરિયાળી | ૮૧૭ | ૧૨૮૫ |
| એરંડા | ૬૨૦ | ૬૭૦ |
| ગવાર | ૧૫૦૦ | ૧૭૫૭ |
| ઘઉં | ૩૦૯ | ૪૫૦ |
| બાજરી | ૨૦૦ | ૨૮૭ |
| રાજગરો | ૭૪૦ | ૯૧૧ |
| ઈ.ગુલ | ૧૧૬૫ | ૧૨૦૦ |

| વિસનગર | | |
|---|---|---|
| ઘઉ | ૨૯૦ | ૪૪૫ |
| બાજરી | ૨૨૦ | ૩૧૦ |
| રાયડો | ૫૮૫ | ૬૬૯ |
| એરંડા | ૬૪૫ | ૬૬૯ |
| કપાસ | ૪૦૦ | ૯૬૮ |
| મેથી | ૫૧૫ | ૫૯૯ |
| ગવાર | ૧૬૫૦ | ૧૭૨૬ |

| માણસા | | |
|---|---|---|
| રાયડો | ૬૧૭ | ૬૨૪ |
| એરંડા | ૬૩૧ | ૬૬૦ |
| કપાસ | ૯૯૫ | - |
| ગવાર | ૧૬૫૦ | ૧૭૬૧ |
| ઘઉં | ૩૧૧ | ૩૮૫ |
| બાજરી | ૨૦૦ | ૨૯૯ |

| સલાલ | | |
|---|---|---|
| એરંડા | ૬૩૦ | ૬૪૦ |
| ઘઉં | ૩૦૫ | ૩૪૦ |
| બાજરી | ૨૪૫ | ૨૬૫ |
| ડાંગર | ૨૯૦ | ૩૦૯ |
| ગુજ.૧૭ | ૩૩૫ | ૩૫૦ |

| પ્રાંતિજ | | |
|---|---|---|
| એરંડા | ૬૩૫ | ૬૫૦ |
| ઘઉં | ૨૯૫ | ૪૪૦ |
| બાજરી | ૨૪૦ | ૨૭૫ |
| ડાંગર | ૨૯૦ | ૩૩૧ |
| ડાંગર | ૩૩૫ | ૩૫૦ |

| મોડાસા | | |
|---|---|---|
| એરંડા | ૬૫૦ | ૬૫૭ |
| બાજરી | ૨૫૦ | ૨૮૧ |
| ઘઉં | ૩૦૪ | ૪૦૭ |
| મકાઈ | ૨૫૦ | ૨૯૨ |
| ચણા | ૬૨૫ | ૮૦૦ |
| ગવાર | ૧૪૫૦ | ૧૭૫૨ |

| ટિંટોઇ | | |
|---|---|---|
| એરંડા | ૬૪૧ | ૬૫૦ |
| ઘઉં | ૩૦૦ | ૩૪૫ |